સુબેદાર રામજી આંબેડકર છાત્રાલયયોજના હેઠળ
ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોમાં ૧૫૦૦ વિદ્યાર્થીઓનો
સંખ્યા વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃછતલ/૧૦૧૫/૮૫૨૪૨૦/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૮/૪/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૪-૧૨-૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ અજાક/છતલ/ ગ/૨૦૧૫/૩૬૧૧-૧૨

ઠ રા વઃ-

રાજયમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છીક સંસ્થાઓ ધ્વારા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોની યોજના અમલમાં છે. ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવાની અને જમવાની સગવડ આપવામાં આવે છે. જેમાં હાલ ૨૩૦૯૪ છાત્રો લાભ લઇ રહયા છે. રાજયમાં અનુ.જાતિના શિક્ષણનું પ્રમાણ પ્રતિદિન વધતુ જાય છે. પરંતુ અનુ.જાતિની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે અનુ.જાતિના વિદ્યાર્થીઓ ખાનગી છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરી શકતા નથી. દર વર્ષે આ જાતિમાં શિક્ષણનુ પ્રમાણ વધે તેવા હેતુથી ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો કરવા નિયામકશ્રી (અજાક) ના વંચાણે લીધા ક્રમાંક- ૧ પરના તાઃ ૦૪-૧૨-૨૦૧૫ ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેના અનુસંધાને ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં ૧૫૦૦ સંખ્યા વધારો કરવા રૂ.૨૨૫.૦૦ લાખની સને ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે, જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી સદરહુ નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણ વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવીવ લેવાને રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અંવ્યે કરવાના થતા ખર્ચ અંગેનાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનુ ચૂસ્ત પણે પાલન કરવાનુ  રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૫- અનુ.જાતિ પેટા યોજના- મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિ/અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ  પેટા મુખ્ય સદર-૦૧- અનુ.જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર - (૧૨) બીસીકે-૧૯ અનુસૂચિત જાતિ પેટા યોજના સુબેદાર રામજી આંબેડકર છાત્રાલયને અનુદાનં યોજના સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૬-૪-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિક્ષિત જોષી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, અજાક મારફત)
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
સર્વે નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)
સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.-
સેકશન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
સિલેકટ ફાઇલ.